ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૯૦ ટકા

# મંગળવારથી અધિક શ્રાવણ માસ પ્રારંભ

**તારીખ ૧૮ જુલાઇથી અધિક શ્રાવણ માસ શરૂ થશે અને ૧૬ ઓગસ્ટ સુધી ચાલશે. ત્યારબાદ ૧૭ ઓગસ્ટથી મૂળ શ્રાવણ મહિનો શરૂ થશે જે ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલશે.**

**આ વખતે અધિક માસના કારણે શ્રાવણ બે મહિનાનો થઈ ગયો છે.હિંદુ ધર્મમાં શ્રાવણ માસને સૌથી પવિત્ર મહિનો મનાય છે. ચાલુ વર્ષે ૧૯ વર્ષ બાદ અધિક શ્રાવણ માસ આવ્યો છે. આમ વર્ષ માં બે શ્રાવણ માસ છે, જે ધાર્મિક દ્રષ્ટિએ બહુ મહત્વપૂર્ણ છે. આ વર્ષે પહેલા અધિક શ્રાવણ માસ છે અને ત્યારબાદ શ્રાવણ માસ છે, જેમાં કૃષ્ણ જન્માષ્ટમી સહિતના તહેવારો ઉજવાશે. અધિક માસને પુરુષોત્તમ માસ પણ કહેવાય છે. જાણો અધિક માસ કોને કહેવાય છે, તે ક્યારે આવે છે, પુરુષોત્તમ માસનું ધાર્મિક મહત્વ શું છે.**

## અધિક માસ કોને કહેવાય છે?

અંગ્રેજી કેલેન્ડરની જેમ હિંદુ પંચાગમાં પણ વર્ષના ૧૨ મહિના છે. હિંદુ પંચાગમાં ચોક્કસ ઋતુ – તિથિ અનુસાર વાર-તહેવારોની ઉજવણી થાય છે. ઘણી વખત કોઈ મહિનામાં તિથિનો ક્ષય થવાથી એટલે કે તિથિ ઘટી જવાથી દર વર્ષે હિંદુ માસમાં ઋતુ અનુસાર ઉજવાતા તહેવારોના સીઝનમાં ફેરફાર થાય છે.

અંગ્રેજી કેલેન્ડર એટલે કે ગ્રેગોરિયન કેલેંડરમાં જેવી રીતે દર ત્રણ વર્ષે એક લીપ યર આવે છે તેવી જ રીતે હિંદુ પંચાગમાં પણ દર ત્રણ વર્ષે એક અધિક માસ આવે છે. અધિક માસ એ સૌર અને ચંદ્ર માસને એક સમાન લાવવાની એક પ્રક્રિયા છે.

## અધિક માસ કે પુરુષોત્તમ માસની ગણતરી કેવી રીતે થાય છે?

સૌર માસ અને ચંદ્ર માસમાં દર વર્ષે આવતા તફાવતને ઘટાડવા માટે દર ૩ વર્ષે એક અધિક માસ આવે છે. જે મહિનામાં સૂર્ય સંક્રાંતિ નથી હોતી એ અધિક માસ હોય છે. તેવી જ રીતે જે મહિનામાં બે સૂર્ય સંક્રાંતિ હોય છે એ ક્ષય માસ કહેવાય છે. સૂર્યની જેમ સંક્રાતિ થાય છે અને એ જ આધાર પર આપણા ચંદ્રના આધારિત ૧૨ મહિના હોય છે. દરેક ત્રણ વર્ષના અંતર પર એક અધિકમાસ કે પુરુષોત્તમ માસ આવે છે, એટલે કે તેરમો માસ. સૌર વર્ષ ૩૬૫.૨૪૨૨ દિવસ અને ચંદ્ર વર્ષ ૩૫૪.૩૨૭ દિવસનો હોય છે. આવી રીતે બંનેના કેલેંડર વર્ષમાં ૧૦.૮૭ દિવસનો ફરક આવી જાય છે અને ત્રણ વર્ષમાં આ અંતર એક મહિના જેટલું થઈ જાય છે. આ અસમાનતાને દૂર કરવા માટે અધિક માસ એટલે કે પુરુષોત્તમ માસનો નિયમ બનાવ્યો છે.

## આ રીતે અધિક માસનું પુરુષોત્તમ માસનું નામ પડ્યું:

પૌરાણિક કથાઓ અનુસાર, સમયની ગણતરીમાં દરેક મહિના માટે એક પ્રમુખ દેવતા હોય છે, જેની તે મહિનામાં પૂજા કરવામાં આવે છે. ચંદ્ર વર્ષમાં, જ્યારે અધિકામાસના દેવતાની નિમણૂક કરવાની વાત આવી, ત્યારે કોઈ દેવતા તેના માટે તૈયાર નહોતા. ત્યારે ભગવાન વિષ્ણુ અધિકમાસના પ્રમુખ દેવતા બનવા તૈયાર થયા. તેમનું એક નામ પુરુષોત્તમ પણ છે, તેથી જ અધિક માસને પુરુષોત્તમ માસ કહેવાય છે.

અધિક માસમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી તેમના આશીર્વાદ મળે છે. આ માસમાં વિષ્ણુ પુરાણ, ભાગવત કથા વગેરેનું શ્રવણ, ઉપવાસ, પૂજા-પાઠ, ભજન-કીર્તન કરવાથી સુખ-શાંતિ મળે છે.

## અધિક શ્રાવણ ક્યારે શરૂ થાય છે?

તા.૧૮ જુલાઈથી અધિક શ્રાવણ માસ શરૂ થશે અને ૧૬ ઓગસ્ટ સુધી ચાલશે. ત્યારબાદ ૧૭ ઓગસ્ટથી મૂળ શ્રાવણ મહિનો શરૂ થશે જે ૧૫ સપ્ટેમ્બર સુધી ચાલશે. આમ વર્ષ ૨૦૨૩માં કુલ ૫૯ દિવસ શ્રાવણ માસ રહેશે.

## અધિક શ્રાવણ માસનું મહત્વઃ

સામાન્ય રીતે અધિક માસને પુરુષોત્તમ માસ પણ કહેવાય છે અને તે દરમિયાન ભગવાન વિષ્ણની પૂજા-આરાધના કરવાનું વિધિ-વિધાન છે. વર્ષ ૨૦૨૩માં અધિક શ્રાવસ માસ છે અને તે ભગવાન શિવને સમર્પિત છે. આમ અધિક શ્રાવણ માસમાં ભક્તો ભગવાન વિષ્ણુની સાથે સાથે શિવશંકરની પણ પૂજા-ઉપાસના કરી શકશે.

## જાણો અધિક માસમાં શું કરવુ શું નહી ?

અધિક માસ ધર્મ અને કર્મ માટે ખૂબ જ મહત્વનો મહિનો છે. અધિક મહિનાના ભગવાન વિષ્ણુનું મહત્વ વધારે છે. આ મહિનાની કથા ભગવાન વિષ્ણુના અવતાર ભગવાન નૃસિંહ અને ભગવાન શ્રી કૃષ્ણ સાથે સંકળાયેલી છે. તેથી આ મહિનાને પુરુષોત્તમ માસ પણ કહેવામાં આવે છે. આ મહિનામાં ભગવાન વિષ્ણુ, નૃસિંહ અને કૃષ્ણની પૂજા કરવી જોઈએ.

અધિક મહિનામાં શ્રીમદ્દભાગવત ગીતા, શ્રીરામ કથા, વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર અને ગીતાના પુરુષોત્તમ નામના ૧૪ માં અધ્યાયનું વાંચન કરવું જોઈએ. જો તમે આ બધુ વાંચી શકતા નથી, તો તમારે દિવસમાં ૧૦૮ વખત 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો જાપ કરવો જોઈએ.

અધિક મહિનામાં જપ અને તપ ઉપરાંત વ્રત રાખવાનું પણ મહત્વ છે. આ વ્રતમાં આખા મહિમાં દિવસમાં એક જ વખત ખાવું જોઈએ, આ વ્રત આધ્યાત્મિક અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારું છે. આ મહિનામાં ભોજનમાં ઘઉં, ચોખા, જવ, મગ, તલ, વટાણા, ચોળી, કાકડી, કેળા, આમળા, દૂધ, દહીં, ઘી, કેરી, હળદર, જીરું, સુંઠ, સિંધવ મીઠું, આમલી, પાન-સોપારી, મેથી





વગેરે ખાઈ શકાય છે.

અધિક મહિનામાં દીવા પ્રગટાવવાનો અને ધજા ચડાવવાનો ખુબ જ મહિમા છે. આ મહિનામાં દાન-દક્ષિણા કરવાથી પુણ્ય ફળ મળે છે. પુરુષોત્તમ માસમાં સ્નાન, પૂજા, વિધિ અને દાન કરવાથી વિશેષ ફળ મળે છે અને તમામ પ્રકારની મુશ્કેલીઓ દૂર થાય છે.

આ મહિનામાં, ખાસ કરીને રોગ નિવૃત્તિનું કાર્ય, ઋણ ચુકવણીનું કાર્ય, શસ્ત્રક્રિયા, બાળકના જન્મ સંબંધિત કર્મો, ગર્ભાધારણ, ધાર્મિક વિધિઓ વગેરે કર્યો કરી શકાય છે.

અધિક મહિનામાં મુસાફરી કરવી, ભાગીદારીના કાર્યો કરવા, દાવો કરવો, ખેતરમાં બીજ વાવવા, ઝાડ રોપવું, દાન આપવું, લોકહિત કાર્ય કરવા, સેવા કાર્ય કરવા વગેરે કાર્યો કરવામાં કોઈ દોષ આવતો નથી.

## અધિક મહિનામાં શું ન કરવું જોઈએ :-

પુરુષોત્તમ માસમાં કોઈ પણ પ્રકારનું વ્યસન ન કરવું, દારૂ જેવા માદક પીણાઓ ન પીવા જોઈએ અને માંસાહારી ખોરાક ખાવો જોઈએ નહીં. માંસ, મધ, ભાત, અડદ, રાઈ, મૈસુર દાળ, મૂળો, ડુંગળી, લસણ અને વાસી રોટલી વગેરે ખોરાક ખાવા જોઈએ નહીં.

અધિક મહિનામાં લગ્ન, નામકરણ, અષ્ટકાદિ શ્રાદ્ધ, તિલક, મુંડન, યજ્ઞોપવીત, કર્ણાચન, ગૃહપ્રવેશ, દેવ પ્રતિષ્ઠા, સંન્યાસ લેવો, શિષ્ય દીક્ષા લેવી, યજ્ઞ વગેરે શુભ અને માંગલિક કાર્યો કરવા જોઈએ નહીં.

આ મહિનામાં વસ્ત્રો, આભૂષણો, ઘર, દુકાન, વાહન વગેરે ખરીદવા જોઈએ નહીં, પરંતુ જો આ મહિનામાં કોઈ શુભ સમય હોય તો જ્યોતિષની સલાહ લઈ ઘરેણાંની ખરીદી કરી શકાય છે.

અધિક મહિનામાં અપમાનજનક ભાષા, ઘરમાં ઝઘડાઓ, ક્રોધ, અસત્ય બોલવું વગેરે દુષ્કર્મો કરવા જોઈએ નહીં .

આ મહિનામાં કુંવા, બોરિંગ (ડાર), તળાવનું ખોદકામ વગેરે કાર્યો કરવા જોઈએ નહીં.

## જન્મદિને વધામણી



જહાન બારોટ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર સવિતાબેન દિલાજી ઉ.વ.૫૫, વડવાસા, દહેગામ
- સ્વ.ઠાકોર રામજીભાઈ છગનભાઈ ઉ.વ.૭૫, ચરેડી છાપરાં
- સ્વ.ઝાલા પૃથ્વીસિંહ રામસિંહ ઉ.વ.૬૯, પેથાપુર
- સ્વ.ઠાકોર રમેશભાઈ માધુભાઈ ઉ.વ.૩૦, પાલજ
- સ્વ.પટેલ રામાભાઈ જોઈતારામ ઉ.વ.૮૦, રિદ્રોલ, માણસા
- સ્વ.પટેલ શાન્તાબેન બબાભાઈ ઉ.વ.૮૭, કાનપુર
- સ્વ.પટેલ નટવરભાઈ નારણભાઈ ઉ.વ.૭૭, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# નેચર ફર્સ્ટની ટીમે પ્લાસ્ટિક મુક્ત ગુજરાત માટે મુખ્યમંત્રીને સૂચનો કર્યા

**મુખ્યમંત્રીએ સૂચનો આવકારી અમલની ખાતરી આપી : શાળાના બાળકોને પ્રકૃતિના જતન અંગેનું પુસ્તક તૈયાર કરી વિતરણ કરવા વન મંત્રી અને શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરાઈ**

ગાંધીનગર, તા. ૧૨

આજ રોજ નેચર ફર્સ્ટ (પ્રકૃતિ પ્રથમ)ની ટીમે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની મુલાકાત લઈને નેચર ફર્સ્ટ વતી પાંચ તત્વો બચાવવા વિષે મહેન્દ્રભાઈ ત્રિવેદીએ વિગતવાર જાણકારી આપી હતી અને ભુપેન્દ્રભાઈએ ખૂબ જ આવકારદાયક રીતે નેચર ફર્સ્ટના સૂચનો બાબતે સહકાર આપવાની ખાત્રી આપી હતી. આ ઉપરાંત મંત્રી કુબેરભાઈ ડીંડોર અને મુળુભાઈ બેરા સાથે પણ મુલાકાત કરવામાં આવી હતી જેમાં બાળકોને પાયામાંથી પ્રકૃતિને પ્રેમ કરવા માટે વિગતવાર પુસ્તકમાં 'પ્રકૃતિની વાત'નો ભણતરમાં સમાવેશ કરવાની જાણકારી આપી જે બાબતે તેમણે પણ સહકાર આપવા માટે સંમતિ આપી હતી.

નેચર ફર્સ્ટના પ્રણેતા એન પી પટેલે જણાવ્યું હતું કે "અમે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મળીને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચેય કુદરતી તત્વોને બચાવવા માટે પ્રયાસો કરવા જોઈએ તે અંગે વાત કરી હતી જેમાં માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતને પ્લાસ્ટિક મુક્ત કરાવવા વિવિધ પ્રયાસો કરવા જોઈએ પાનના ગલ્લાની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તાર સુધી પાન મસાલાની પડીકી ફેંકાવી ના જોઈએ તેની જવાબદારી પાન ગલ્લાના ધારક પર મુકવી જોઈએ. આ ઉપરાંત સિંગલ પ્લાસ્ટિક ના દેખાય લેવા, નાગરિકો સુકોભીનો કચરો અલગ અલગ નાખી શકે તે માટે ઠેર ઠેર ડસ્ટબીનની વ્યવસ્થા કરવી, ચાની લારી પર મળતી ચાને પ્લાસ્ટિકની કોથળીમાં લઈ જવા પર પ્રતિબંધ મૂકવો, વૃક્ષારોપણ વધારવું જોઈએ, ખેત કા પાની ખેતની જેમ દરેક મોટી ઈમારતમાં પણ વરસાદી પાણીના સંગ્રહ માટે રિચાર્જ કુવા સહિતની વ્યવસ્થા, મોટા બિલ્ડિંગમાં સોલાર યુનિટ લગાડવા ફરજિયાત કરવા જેવા સૂચનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વનમંત્રી અને શિક્ષણ મંત્રીને મળીને રાજ્યમાં નેચર ફર્સ્ટ દ્વારા તૈયાર થનારું "પ્રકૃતિની વાત" પાયામાંથી સમજાવતું પુસ્તકનું વિના મૂલ્ય વિતરણ કરી તે અંગે બાળકોને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ જેથી ભવિષ્યમાં ગુજરાત સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક મુક્ત બને અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે."

# કુડાસણ ખાતે " હર ઘર, સ્વસ્થ ઘર " અંતર્ગત કલા અને હસ્તકલા તથા ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

આગામી ૨૩મી જુલાઈ, રવિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે કુડાસણ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને ટ્રીક ટુ ક્રિએટ નાં સહયોગથી " હર ઘર, સ્વસ્થ ઘર " અંતર્ગત "સ્વચ્છતા " વિષય પર ચિત્ર સ્પર્ધા તથા કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ સ્પર્ધામાં ૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૧૫/૦૭/૨૦૨૩ રહેશે. ભાગ લેનાર દરેક સહભાગી વિદ્યાર્થીઓને આયોજક દ્વારા પ્રમાણપત્ર અને સરપ્રાઈઝ ગિફ્ટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે તથા અનેક બમ્પર ઈનામો સાથે લકી ડ્રો કરવામાં આવશે તો મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ભાગ લેવા માટે ઈચ્છુક લોકોએ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭ પર ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ જણાવવામાં આવેલ છે. સ્પર્ધામાં ટ્રીક ટુ ક્રિએટ નાં સંચાલિકા હિરલ પંડ્યા અને યાત્રી મેવાડા નો વિશેષ સહયોગ રહેશે.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટી. ઓફ ફાર્મસીમાં વિદાય સમારોહ યોજાયો




શંકર સિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે ૨૦૧૯ વર્ષ ની બેચ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ નું આયોજન કરેલું હતું. સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા ,કેમ્પસ ડાયરેક્ટર પ્રો.રવિ કુમાર તેમજ ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડો.ધર્મેશ ગોલવાલાએ હાજર રહી અને વિધ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ વાવોલના નવા હોદ્દેદારો સર્વાનુમતે નિમાયા



ગાંધીનગર, તા.૧૧

સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર દ્વારા વાવોલ ખાતે પરશુરામ દાદાની આરતી અને સાથે જનરલ મિટિંગ યોજાઈ હતી. તેમાં બ્રહ્મ સમાજના મોટાભાગના ભૂદેવ ભાઈ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને વાવોલના ભૂદેવો દ્વારા પ્રકાશભાઈ ઠાકરને વાવોલ બ્રહ્મસમાજના પ્રમુખ તરીકેની જવાબદારી સર્વાનુમતે આપવામાં આવી હતી. તથા વાવોલ બ્રહ્મસમાજના પ્રમુખ દ્વારા નીરવભાઈ ત્રિવેદીને મહામંત્રી, મનીષભાઈ રિછરિયાંને ઉપપ્રમુખ, મહેન્દ્રભાઈ ત્રિવેદી, રીપલભાઈ રાવલ, નીરવભાઈ ઠાકર, દીપલભાઈ ત્રિવેદી કારોબારી સભ્ય તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

મહિલા પાંખના પ્રમુખ તરીકે જ્યોત્સનાબેન રાવલની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. કલ્પનાબેન રાવલ, કલ્પનાબેન રીછારિય, હર્ષિદાબેન રાવલ, ગાયત્રીબેનને મહિલા પાંખ ના કારોબારી તરીકે તથા યુવા પ્રમુખ તરીકે ભૌમિકભાઈ રાવલની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.યુવા કારોબારી સભ્ય તરીકે નિસર્ગ રીછરિયા, ગૌતમભાઈ રાવલ, વિરલભાઈ દવે, સૌરીનભાઈ આચાર્ય, પ્રિયાંશું ઠાકર, હાર્દિક વ્યાસની નિમણૂંક કરવામાં આવી હતી. ચંદ્રકાંતભાઈ દવે ને મુખ્ય સમિતિ માં કારોબારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. વાવોલ બ્રહ્મસમાના સલાહકાર તરીકે કનૈયાલાલ પી. વ્યાસ ની નિમણૂંક કરવામાં આવી હતી.

# KSV ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ પત્રકારત્વ ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે "પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન" છેલ્લા દસ વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના અનુભવી મહાનુભાવો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ પરિણામે અહીંથી તાલીમ પામેલાં તાલીમાર્થીઓ અત્યારે સરકારી તથા ખાનગી મિડિયા ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યાં છે અને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે. આ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાનાં સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એક્કરિંગ, વોઈસ ઓવર, વોઈસ મોડયુલેશન, ડબિંગ અને કેમેરાં ફેસિંગ સહિત પ્રેકટિલ ટ્રેનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક, ફિલ્ડ ટ્રેનિંગ પણ કરાવવામાં આવે છે. પત્રકારત્વના આ કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના ૬ (છ) દિવસ માટે દરરોજ સાંજે થિયરિકલ સાથે પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે.

આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિષયમાં સ્નાતક (ગ્રેજ્યુએટ) પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે. વધુમાં આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ઉંમરનો કોઈ બાદ નથી. આ કોર્સમાં પ્રવેશ મેળવવા તથા વધુ માહિતી માટે પત્રકારત્વ વિભાગ, એલ.ડી.આર.પી.કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ થી ૪.૦૦ કલાક સુધીમાં રૂબરૂ મુલાકાત અથવા ૮૪૦૧૮૬૩૨૨૯ પર સંપર્ક કરવાનો રહેશે. આ કોર્સમાં જોડાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ૧૯ જુલાઈ ૨૦૨૩ સુધી પ્રવેશ મેળવવાનો રહેશે.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 'સરદાર સમીપે સાહિત્ય ગોષ્ઠી'નું આયોજન!

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે



સરદાર સમીપે સાહિત્ય ગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સહીત ગુજરાતના ૪૦થી વધુ મૂરધન્ય કવિ, સાહિત્યકારોની ઉપસ્થિતિમાં સાહિત્યમાં સરદારનો પ્રભાવ સહિતના વિષયો પર વ્યાખ્યાન યોજાયા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા અને મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવના નેતૃત્વ હેઠળ સાહિત્ય અકાદમીએ ૨૦૦દિવસમાં ૨૦૦ કાર્યક્રમો અને ૧૦૦જેટલાં પ્રકાશનો કર્યા છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પ્રકૃતિસભર માહોલમાં સરદારની વિરાટ પ્રતિમા, જંગલ સફારી, નર્મદાની મુલાકાતથી સાહિત્યકારો અભિભૂત થયાં હતાં. આ કાર્યક્રમમાં ગાંધીનગરના સાહિત્યકાર રાઘવજી માધડ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, કવિ ધ્વનિલ પારેખ અને કટાર લેખક સંજય થોરાત હાજર રહ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે એકતાનગર ટેન્ટ સીટી -૨ ખાતે તા.૫અને ૬ જુલાઈ દરમ્યાન દ્વિદિવસીય "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી"નું આયોજન કરવામાં આવ્યુ હતુ. "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી"નો પ્રારંભ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ અને મહામાત્ર ડૉ.જયેન્દ્રસિંહ જાદવ, જાણીતા કવિ અને વક્તા મણીલાલ હ. પટેલની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સાહિત્ય ગોષ્ઠીને ખુલ્લી મુકાઈ હતી.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, દ્વિદિવસીય આ "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી" કાર્યક્રમમાં ગુજરાતભરના ૪૦ જેટલા સાહિત્યકારોએ ભાગ લીધો હતો. સૌ પ્રથમવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ પ્રકારનો કાર્યક્રમ યોજાયો છે જેની અમને ખુશી છે. સાહિત્યિક પ્રવૃત્તિ એ સમગ્ર લોક-ચેતના (જનજાગૃતિ)ની અભિવ્યક્તિ છે. તે સમગ્ર સમુદાય, તેની સંસ્કૃતિ, તેના લોકજીવન અને સામાજિક જીવનને પ્રતિબિંબિત કરે છે, ત્યારે આગામી ભવિષ્યમાં પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટીતંત્ર સાથે મળીને રચનાત્મક કાર્યો કરવા અમે કટીબદ્ધ છીએ.

આ સાહિત્ય ગોષ્ઠી દરમિયાન કવિ હિતેન આનંદપરાના સુંદર સફળ સંચાલન સાથે યોજાયેલા કવિ સંમેલનમાં વિનોદ જોશી, મણિલાલ હ. પટેલ, ભાગ્યેશ જહા, તુષાર શુક્લ, હિતેન આનંદપરા, અજયસિંહ પરમાર, આશા ગોહિલ, ધ્વનિલ પારેખ, પ્રજ્ઞા વશી, સંજુભાઈ વાળા, સૌમિલ મુન્શી, આરતી મુન્શી, રક્ષા શુક્લ, કૃષ્ણ દવે, શ્યામલ મુન્શી, વસંત જોશી, હરદ્વાર ગોસ્વામી, નિસર્ગ આહીર, શૈલેષ પંચાલ, દીપક જગતાપ, પારુલ બારોટ વગેરે કવિઓએ કાવ્ય મંચપરથી સુંદર કાવ્યો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં.

આ પ્રસંગે પ્રકૃતિસભર માહોલમાં સરદારની વિરાટ પ્રતિમાના દર્શન અને ભાવવંદના કરી, જંગલ સફારી, નર્મદા બંધની મુલાકાત લઈ સાહિત્યકારો અભિભૂત થયાં હતાં. આ કાર્યક્રમમાં ગિરિમા ઘારેખાન, નિયતી અંતાણી, લતા હિરાણી, દર્શના વ્યાસ, કૃતિ ગોસ્વામી, મકરંદ મુસળે, વિવેક કાણે, ગુણવંત વ્યાસ વગેરે સર્જકો હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા યજ્ઞેશ પ્રજાપતિ, અજયસિંહ, અજય પટેલ અને નિરવ પટેલનું યોગદાન રહ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમી આવનાર સમયમાં રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ અહીં યોજવા જઈ રહી છે.

# શાહપુરની શાળામાં ૪૨૫ ડઝન ચોપડાનું વિતરણ



ગાંધીનગર તાલુકાની આદર્શ પ્રાથમિક શાળા, શાહપુરમાં શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ ૩૬૦ બાળકોને ગામમાં રહેતા ગોપી નોટબુક બ્રાન્ડના હર્ષદભાઈ પટેલ દ્વારા ૧,૩૨,૦૦૦/- ની કિમતના ૪૨૫ ડઝન (૫૧૦૦ નંગ) ફૂલસ્કેપ ચોપડા વિતરણ કરવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા તમામ ૩૬૦ વિદ્યાર્થીઓને ૧ ડઝન ચોપડા શિક્ષકોના હસ્તે આપવામાં આવ્યા હતા.